એલ.સી.બી. પોલીસે સિવિલ કેમ્પસમાંથી બાઈકચોર ઝડપ્યો

ગાંધીનગર, તા. ૧૮

એલ.સી.બી. પોલીસે પેટ્રોલીંગ દરમિયાન સિવિલ હોસ્પિટલના સંકુલમાં શકમંદને ઝડપી લઈ બાઈકચોરીના ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. પૂછતાછ દરમિયાન આ ઈસમે ૨૦ દિવસ અગાઉ વસ્ત્રાપુર તળાવ પાસેથી બાઈકની ચોરી કરી હોવાનું કબૂલ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લામાં વાહન ચોરીના ગુનાઓ અટકાવવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેએ એલ.સી.બી. પોલીસને સઘન પેટ્રોલીંગ હાથ ધરી લોચ રાખવા સૂચના આપી હતી. જેને ધ્યાને લઈ એલ.સી.બી. પી.આઈ. એન.એલ. દેસાઈ સહિત સ્ટાફના માણસોએ વાહનચોરીના ગુના શોધવા પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં પાર્ક થયેલ બાઈક નં. જી.જે.૧૮-એ-૪૭૮૯ પાર્ક થયેલું માલુમ પડ્યું હતું. આ બાઈકના નંબરમાં ખોટી અલબત્ત કોર લીલરની સીરીઝ હોવાનું ધ્યાને આવતા પોલીસે બાઈક્યાલકની ખાણ મેળવવા લોચ ગોઠવી હતી. આ સમયે એક ઈસમ સ્થળ પર આવી બાઈક ચાલુ કરી આગળ જતા પોલીસે તેને અટકાવી પૂછતાછ હાથ ધરી હતી. જેના અંતે આ ઈસમે પોતાનું નામ જીતેન્દ્ર ઉર્ફે મનુ બાબુભાઈ કાપડીયા (રહે સે. ૧૩-એ પ્લોટ નં. ૩૭૯/૧) જણાવ્યું હતું. જ્યારે બાઈક અંગે પોલીસે પૂછતાછ કરતા શકમંદ ઈસમે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. ત્યારબાદ પોલીસે રૂ. ૨૦ હજારની કિંમતના બાઈક સાથે તેની ધરપકડ કરી પૂછપરછ કરતા આ ઈસમે આશરે ૨૦ થી ૨૫ દિવસ અગાઉ વસ્ત્રાપુર તળાવ પાસેથી બાઈકની ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અન્ય વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી પણ સંભાવના છે.

ગાંધીનગર શહેરમાં વિકાસનું કામ કરતી અનેક સંસ્થાઓ ચાલે છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય ટ્રસ્ટના સહયોગથી તાજેતરમાં બળબળતા ઉનાળામાં શ્રમિકોને પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેક્ટર-૫ની પાણીની ટાંકીના બાંધકામ પર કામ કરતા શ્રમિકોને, સેક્ટર-૯ની પાણીની ટાંકી પર કામ કરતા શ્રમિકોને તથા તે વિસ્તારમાં સફાઈનું કામ કરતા કામદારો અને તેમના પરિવારજનોને, બાળકોને નવા પગરખા આપવાનું સેવા કાર્ય સુથાર નાયબ કાર્યપાલક ઈજનેરની ઉપસ્થિતિમાં ન્યૂરલ ગ્રુપ, મધુર વ્યાસ, શશીકાંત મોદા, નિલેન્દુ વોરા, કિશોર જીકાદરા અને સીતારામ પટેલે કર્યું હતું. આશરે શહેરના ૧૦૦ જેટલા શ્રમિકોને ચંપલ આપીને ચરણ સેવાનું કામ કર્યું હતું. આ સેવા કાર્યમાં માર્ગ મકાન વિભાગના કર્મચારીઓએ પણ જરૂરી સેવા પૂરી પાડી હતી.

નવા સચિવાલય કેમ્પસમાં યુવતિએ દવા ગટગટાવી

પોલીસથી ત્રસ્ત મહેસાણાની યુવતિ સિવિલમાં દાખલ

ગાંધીનગર, તા. ૧૮

નવા સચિવાલય સ્થિત બ્લોક નં. ૨ સામે આજે મહેસાણાની યુવતિએ દવા ગટગટાવતા તેણીને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મહેસાણામાં રહેતી ૨૪ વર્ષીય યુવતિ સ્થાનિક પોલીસના ત્રાસથી કંટાળી આજે ગાંધીનગર ખાતે નવા સચિવાલયમાં ગૃહવિભાગને રજૂઆત કરવા માટે આવી હતી.આ દરમિયાન યુવતિએ નવા સચિવાલયના બ્લોક નં. ૨ સામે દવા ગટગટાવતા તેણીની તબિયત લથડી હતી. આ દરમિયાન તેની સાથે આવેલા તેણીના પતિએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને કોલ કરી તેણીને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડી હતી. આ મામલે સે. ૭ પોલીસે તપાસ હાથ ધરી છે. જ્યારે પ્રાથમિક પુછપરછના અંતે મહેસાણાની યુવતિએ સ્થાનિક પોલીસના ત્રાસથી આ પગલુ ભર્યું હોવાની ચોંકાવનારી હકીકત જણાવી છે.

ચોથા વર્ગ કર્મચારી મહામંડળે મુખ્યમંત્રીનો આભાર માન્યો

ગુજરાત રાજ્ય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ દ્વારા મોંઘવારી ભથ્થામાં વેટિંગ્સના નાણા રોકડમાં આપવાનો હુકમ કરી અનાજ પેશગી પેટે રૂ. ૫ હજાર મંજુર કરતા મુખ્યમંત્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી છે. ચોથા વર્ગ કર્મચારી મહામંડળના પ્રમુખ રામેશ્વર લોટે આ તબક્કે સ્વર્ગવાસ થનારના વારસદારને રહેમરાહે નોકરી આપવા પણ માંગ કરી છે.

જલારામ મંદિર દ્વારા વિરપુર જલારામ બાપાના દર્શનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સેક્ટર-૨૯માં આવેલા જલારામ મંદિર દ્વારા વિરપુર, ગણેશપુરા, ચોટીલા, પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. જે ભાઈ- બહેનોએ પ્રવાસમાં જોડાવવાની ઈચ્છા હોય તેમણે વિશેષ માહિતી મેળવવા જલારામ મંદિરના મેનેજરનો સંપર્ક સાધવા વિનંતિ છે. ફોન નં. ૨૩૨૨૩૬૧૪ ટેલીફોન દ્વારા પણ માહિતી મેળવી શકે છે.

ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિ દિને મોરબી ખાતે ફ્રી સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

મોરબી ખાતે ડૉ. પ્રશાંત મેરજાની ચતુર્થ વાર્ષિક સ્મૃતિ દિને તા. ૨૨મી એપ્રિલ રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન ગરીબ દર્દીઓ માટે સર્વ રોગ નિદાન કેમ્પમાં સારવાર અને દવાઓ વિના મૂલ્યે આપવામાં આવશે.જુદા જુદા રોગોના બાર જેટલા નિષ્ણાંત તબિબો દ્વારા જરૂરીયાતમંદ દર્દીઓને તપાસી યોગ્ય સારવાર અપાશે. આ કેમ્પનું આયોજન રામદાન આશ્રમ ખાતે ડૉ. પ્રશાંત મેરજા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું છે.

મોંઘવારી સામે જ્યોતિ મહિલા મંડળનો આકોશ

ગાંધીનગર, તા. ૧૮

જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ તેલ, દૂધ, શિક્ષણ ખર્ચમાં પ્રેટ્રોલ, ડીઝલમાં વધતાં ભાવ સામે જ્યોતિ મહિલા મંડળની તાજેતરની કારોબારી મીટીંગમાં ઉગ્ર આક્રોશ વ્યક્ત કરેલ હતો. આ અંગે જ્યોતિ મહિલા મંડળ તરફથી મોંઘવારી હટાવવા માટે કાર્યક્રમોનું આયોજન કરનાર છે. મુખ્યમંત્રીશ્રીને ગાંધીનગરની ગૃહણીઓની વેદનાને વાચા આપવા માટે જ્યોતિ મહિલા મંડળ આવેદન પત્ર આપનાર છે. સંસ્થાના વડા લલાબેન ચોકસી દ્વારા આ અંગેનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવનાર છે.

વસાહત મંડળ સેક્ટર-૧૬ના હોદેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેક્ટર-૧૬ના વસાહત મંડળની તાજેતરમાં બેઠક મળી હતી. બેઠકમાં એજન્ડા મુજબ નવા હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

વસાહત મંડળ સે. ૧૬ ગાંધીનગરની મળેલી સામાન્ય સભામાં એજન્ડા મુજબ નવા હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે રાજન રશ્મિન કે., ઉપપ્રમુખ તરીકે કૃષ્ણકાંત દિક્ષીત, દફતરબાઈ એ. પટેલ, ભાનુભાઈ પી. મકવાણા, સુરેશભાઈ પટેલ (શોપીંગ), મહામંત્રી તરીકે રવિભાઈ કે. મકવાણા સહમંત્રી તરીકે મહેશભાઈ બી. પરમાર, તરલભાઈ રાવલ, સંગઠનમંત્રી તરીકે ચંદનસિંહ વાઘેલા, વિઠલભાઈ સોલંકી, મગનભાઈ એસ. રબારી, પૂજાભાઈ સોલંકી, ખજાનચી તરીકે વિજયભાઈ પટેલ, ઓડીટર તરીકે ગીતમભાઈ ડી. પરમાર, કારોબારી સભ્યો તરીકે નીકેષભાઈ બ્રહ્મભટ્ટ, ભરતભાઈ રાવલ, દિપકભાઈ સુનેસરા, મુકેશભાઈ પટેલ(બીપટાઈપ), મહેન્દ્રભાઈ જી. પરમાર (કેટેગરી) વિક્રમભાઈ એચ. દેસાઈ, જયંતિભાઈ એન. પરમાર, મુકેશભાઈ કાંજણા, રાજુભાઈ નાયી, તથા સલાહકાર તરીકે દફતરબાઈ લિખ્યાચીયા, એન.જી. જાટ અને મહેન્દ્રભાઈ જે. શ્રીમાળીની વરણી કરવામાં આવી હતી.

એસ.ટી. બસો જાહેર કાર્યક્રમો માટે ફાળવવાની પદ્ધતિને કોર્ટમાં પડકારાશે

ગાંધીનગર, તા. ૧૮

એસ.ટી. બસોની નિયમિતતા જાળવવા માટે તેમજ જાહેર સરકારી કાર્યક્રમોમાં ભાડે આપવાનાની ધ્યનિ બંધ કરવા માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ આ પ્રશ્નને ગંભીરતાથી ધ્યાને લઈને નામદાર હાઈકોર્ટને જાહેર હિતની પ્રાર્થના કરવા માટે રજૂઆત કરનાર છે. તેમ અખબારી યાદીમાં શ્રી લવજીભાઈ વાઘીયા પ્રમુખશ્રી, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ તથા ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા જણાવવામાં આવેલ છે.

લોકોનો જીવન વ્યવહાર ઉત્તમ રીતે વહેતો રહે તે માટે તેઓને યોગ્ય-વ્યાજબી ભાડાથી વાહન વ્યવહારની નિયમિત સુવિધા ઉપલબ્ધ કરાવવાના આદર્શનો પણ સરકારશ્રીએ અભિગમ અપનાવવો છે, અને આમ જનતાની અપેક્ષાઓ સાથે સુસંગત છે. પ્રંતુ છેલ્લા કેટલાય સમયથી સરકારી કાર્યક્રમોમાં એસ.ટી. બસો હાઈજેક કરીને ઉપયોગમાં લેવાય છે. તે યોગ્ય નથી પરિણામે વિદ્યાર્થીઓ, વૃધ્ધો-બાળકો, મહિલાઓ ધંધા-રોજગાર પર જનારા લોકો અટવાય છે. તેની સામે લોકરોષ ભભૂકી ઉઠ્યો છે. તેમ શહેર જાગૃત નાગરિક પરિષદ વાચા આપવા માટે ન્યાયમંદિરનો ઘંટ વગાડશે.

સેક્ટર-૨૧ શ્રીજીની હવેલી ખાતે ૨૨મીએ રક્તદાન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર વૈષ્ણવ સમાજ, સિનિયર સીટીઝન કાઉન્સિલ, આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ અને ખડાયતા સમાજ સહયોગ મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨મી એપ્રિલના સવારે ૯થી ૧૨ સુધી રક્તદાન કેમ્પનું આયોજન હવેલી મંદિર સેક્ટર-૨૧ ખાતે કરવામાં આવેલ છે. તો રક્તદાતાઓને રક્તદાન કરવા માટે અપીલ કરેલ છે. આ અંગે સેક્ટર-૨૧ શ્રી હવેલી મંદિરના કાર્યાલયમાં નામ નોંધાવા જણાવવામાં આવેછે. હવેલી મંદિરનો ફોન નં. ૨૩૨૨૦૪૨૮, સિનિયર સીટીઝન કાઉન્સિલ ફોન નં. ૨૩૨૪૮૫૮૦ ઉપર સંપર્ક કરવા શ્રી રસીકભાઈ ગાંધીએ જણાવેલ છે.

કોલવડા ગામે જય ભીમ યુવા સેવા સમિતિએ આંબેડકર જયંતિ ઉજવી

ગાંધીનગર, તા. ૧૬૬

ગાંધીનગરના કોલવડા ખાતે જય ભીમ યુવા સમિતિ ચેરીટી ટ્રસ્ટના ઉપક્રમે ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે કોલવડા ગામે ડૉ. ભીમ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા સાંજે ગુજરાતના સામાજિક કાર્યકર્તા કિશોર કડીકરના પ્રમુખ સ્થાને રંગે ચંગે આંબેડકર જયંતિ ઉજવાઈ હતી.

સમારોહના મુખ્ય મહેમાનોમાં ગુજરાત રોડિદાસ મંદિર મંડળના પૂર્વ પ્રમુખ એલ.એન. પરમાર દ્વારા આંબેડકરની છબીને પુષ્પાંજલિ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિરાગ રાજવંશ, કે.ડી. પરમાર તથા કીકિકભાઈ પરમાર તથા સુરેશ આગજા તેમજ કોલવડા ગામના અગ્રણી ૨૭ ઉગામણા ગોળ ટ્રસ્ટના પ્રમુખ ખોડાભાઈ પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રમતગમત જિલ્લા અધિકારી ગાંધીનગરનાં સહયોગથી રાત્રે ૯ કલાકે લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમારંભને દીપ પ્રગટાવીને સરપંચ રમેશભાઈ પટેલ તથા ભાજપના તાલુકા મંત્રી પોપટજી વાઘેલાએ સમારંભને ખુલ્લો મુકયો હતો. પ્રમુખ સ્થાનેથી કિશોર કડીકરે ડૉ. બાબાસાહેબના અધુરા કાર્યો પુરા કરવા શિક્ષિત સમાજને અનુરોધ કર્યો હતો તથા અન્ય ઉપસ્થિત કાર્યકરોએ પ્રાસંગિક પ્રવચન કરી ડૉ. બાબાસાહેબને ભાવભીની અંજલી અર્પણ કરી હતી.

જયભીમ યુવા સેવા સમિતિના ટ્રસ્ટી સુમનભાઈ પરમારે ટ્રસ્ટની વેબસાઈટ www.jbysk.org ને મહેમાનોના હસ્તે લોન્ચ કરાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના ઉપપ્રમુખ રાહુલ પરમાર, મંત્રી પ્રદીપ પરમાર અને તમામ ટ્રસ્ટી સભ્યોએ ખુબ મહેનત કરી હતી. આ શુભ પ્રસંગે ગામના ભાઈઓ, બહેનો, બાળકો, વિદ્યાર્થીઓ અને વડીલો મોટી સંખ્યામાં હાજર રહી સમારંભને દીપાવ્યો હતો.

સમારંભમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત તથા આભારવિધિ દ્રસ્ટના પ્રમુખ દેવેન્દ્રકુમાર પ્રભાકર પરમારે કર્યુંહતું.

નોખા-અનોખા સંબંધોની દુનિયામાં આગવો અમારો 'સાંઈરામ'

છેલ્લા સાત માસથી બી.કે. સતીષના પરિવાર સાથે રહેતા 'સાંઈરામ'ને ડીઝાઈનર ઘર સાથે અપાર સ્નેહ મળે છે

'સાંઈરામ' નામ કેવું સરસ છે, કાઠિયાવાડના કહેશે કે સાંઈરામ તો અમારી બાજુના જાણીતા હાસ્ય કલાકાર, કોઈ કહેશે કે કોઈ મંદિરના પુજારી જેવું નામ લાગે છે તો વળી કોઈ કહેશે નામ તો સારું છે પણ કોઈ બાળકનું તો નહીં જ હોય. પણ હું તમને કહું કે ગાંધીનગરમાં સેક્ટર-૮માં એક 'સાંઈરામ' રહે છે, તેને અલાયદુ ઘર છે અને તેને એક પરિવાર છે તો તમે કહેશો એમાં નવાઈની વાત શું છે? હશે. કોઈ...! પણ એમ કહું કે તે એક કાચબો છે તો આપને જરૂર કુતૂહલ થશે. ગયા ચોમાસામાં કેપીટીએલના ઉચ્ચ અધિકારી શ્રી બી.કે. સતીષ અને તેમના પત્નિ રમા સતીષને આ કાચબો રસ્તા પરથી મળી આવ્યો હતો. બસ ત્યારથી તેનું નામ પડયું 'સાંઈરામ' અને પરિવાર-ઘર મળ્યું શ્રી બી.કે.સતીષનું.

રમા સતીષ કહે છે કે 'અમે સાંઈબાબા'માં ખુબ માનીએ છીએ તેથી અમને તેનું નામ સાંઈરામ રાખ્યું છે. ચોમાસાની ઋતુમાં મુખ્ય માર્ગ પર ફરતા તે કોઈ વાહનની અડફેટે આવી જાય તેવો ડર લાગતા અમે તેને ઘરે લઈ આવ્યા. સાત મહિના અગાઉ તે જયારે અમારા ઘરે આવ્યો ત્યારે ખુબ નાનો હતો. હાથ લગાડો તો ડોક તેના કોચલામાં છુપાવી દેતો હતો. ધીરે ધીરે મારા સ્પર્શ અને અવાજને ઓળખતો થઈ ગયો અને આજે અમારા પરિવારના સભ્યની જેમ જ સાંઈરામ અમારી સાથે રહે છે.'

સાંઈરામ માટે સતીષ સાહેબે એક નાનકડું લાકડાનું ઘર ખાસ ડીઝાઈન કરીને બનાવડાવ્યું છે. હવાની અવરજવર માટે નાનકડી

સંબંધ સજાવે જિંદગી
વી આર ફ્રેમીલી
- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

ચિમની અને સીડીઓ પણ તેના અલાયદા ઘરને છે. સતીષ સાહેબ કહે છે કે સાંઈરામને અમે ઘરના બગીચામાં રાખીએ છીએ. આખો દિવસ ઘાસ અને વૃક્ષોની છાયામાં ફરતો રહે છે. ઉંઘ આવે તો તેના ઘરમાં જઈને સુઈ જાય છે. ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હોય તો પણ તે બહાર જતો નથી. તેને અહીં ગમી ગયું છે.

રમાબેન તેને દિવસમાં બે વખત જમવાનું આપે છે તેઓ કહે છે કે હું તેની સાથે વાત કરૂં તો ડોકું હલાવી રીસ્પોન્સ આપે છે. તેને જમવામાં ભીંડા, કાકડી, ટીંડોળા, ચોળી જેવા શાકભાજી કાપીને આપીએ તો ખુબ શોખથી તે ખાય છે. ક્યારેક દામેટા પણ ખાય. તેને ખાવાનું આપીએ ત્યારે તે તેના ઘરમાં હોય તો બોલાવીએ તો તુંરત જ આવી જાય. કોઈ અજાણ્યા તેને હાથ લગાવે તો ડોકું તુરંત અંદર લઈ લે છે પરંતુ મારી પાસે તો ખુબ પ્રેમથી રહે છે. ઠંડી તેને ગમતી નથી. શિયાળામાં અમે તેનું ઘર અંદર લઈ લીધું હતું. શિયાળામાં તે વધુ ઉંઘે છે. અત્યારે ઉનાળો ચાલે છે એટલે તેને મજા છે. પાણીમાં નહાવું સાંઈરામને ખુબ ગમે છે. અમારા પરિવારનો તે આગવો-અનોખો સભ્ય છે.

રમાબેન કહે છે કે ગાંધીનગરનો વિસ્તાર વૃક્ષ આચ્છાદિત છે. વરસાદમાં કાચબા જેવા પ્રાણીઓ ઘણીવાર ખુલ્લા રસ્તાઓ પર ફરતા જોવા મળે છે. ક્યારેક વાહનની નીચે આવીને કચડાઈ જાય છે. જેમ ઘર-ચકલીઓને બચાવવા પ્રોત્સાહન આપવામાં આવે છે તેમ આવા નિર્દોષ પ્રાણીઓને બચાવવા પણ પ્રોત્સાહન આપવું જરૂરી છે. લોકોમાં જાગૃતિ આવે તો શહેરનું કુદરતી વાતાવરણ અને તેમાં આશ્રય લેતા આવા ઘણા પ્રાણીઓ-પક્ષીઓને બચાવી શકાય છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭
સૂર્યાસ્ત : ૦૭.૦૧

તાપમાન

મહત્તમ : ૩૭.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૨૫ ટકા

મનોરંજન

ચિત્રી પલ્સ

સ્ક્રીન-૧ : હાઉસ ફૂલ ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૧.૪૫, ૪.૪૫, ૧૦.૧૫
બેટલશીપ (અંગ્રેજી) : ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૧.૧૫

સ્ક્રીન-૩ : બીકુ બોસ : ૧૨.૦૦
બેટલશીપ (હિન્દી) : ૨.૩૦, ૫.૦૦, ૧૦.૩૦
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦

સ્ક્રીન-૪ : છોડો કલ કી બાતે : ૧૨.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧.૪૫, ૭.૩૦
બીકુ બોસ : ૧૦.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૧૦.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ટાઈટેનીક ૩-ડી (હિન્દી) : ૧૦.૩૦, ૨.૧૫, ૯.૩૦
છોડો કલ કી બાતે / ટાઈટેનીક ૩-ડી (હિન્દી) : ૬.૦૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ : બેટલશીપ (હિન્દી) : ૯.૦૦
હાઉસ ફૂલ ૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

સ્ક્રીન-૪ : બીકુ બોસ : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

બ્લડમની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રીત જુકે નહી સાચ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

- શિલોર ત્રિવેદી

મેષ : ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

વૃષભ : વેપારમાં કાર્યયોજનાનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ નેદિવસ આનંદમય રીતે પસાર થશે.

મિથુન : વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને.

કર્ક : ભૂમિ- સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

સિંહ : અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે. નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય. નવા કાર્ય, વિચાર, યોજના મોકૂફ રાખવી. કોઈપણ નિર્ણય ઉતાવળથી કરવો નહી. અનુભવીનું માર્ગદર્શન લેવું.

કન્યા : કોઈક અટકેલા કાર્યનું નિરાકરણ આવતાં આનંદનો અનુભવ જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ-સહકાર મળી રહે. ધર્મમાં આસ્થા વધારે. લાભનો માર્ગ મોડળો બનતો જણાય.

તુલા : ચિંતાનેમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. વમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં ઉપરવર્ચના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

ધન : ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે. નોકરીમાં પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

મકર : તમારી મિલનસારિતા અને ધૈર્યતમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે. સામાજિક માનુ સન્માનમાં વધારો થઈ શકે છે. વ્યાવસાયિક ક્ષેત્રમાં લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

કુંભ : ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં સ્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે. ચિંતામાંથી રાહત મેળવી શકો છો.

મીન : નોકરી- વેપાર ક્ષેત્રે વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. ગુસ્સા પર કાબૂ રાખવો.

ચિરવિદાય

- સ્વ. દેવાભાઈ ગણેશભાઈ સોલંકી (ઉ.૭૫) બ્લોક-૮૪/૪, ટાઈપ, સે-૩૦, ગાંધીનગર.
- સ્વ. પટેલ દકારબભાઈ મોહનભાઈ (ઉ.૪૮) રોહિતવાસ, મુ. આદરજ મોટી, તા.જી. ગાંધીનગર.
- સ્વ. કાંતિભાઈ મૂળજીભાઈ સોની (ઉ.૪૦) બ્લોક-૫૦/૨, છ-ટાઈપ, સે-૨૧, ગાંધીનગર.

સંકટમોચન હનુમાન દાદાનો 'મારૂતિ યજ્ઞ'

શ્રી સંકટમોચન હનુમાન દાદાનો મારૂતિ યજ્ઞ ૯ મે, રવિવારના રોજ યોજશે. સવારે ૦ વાગે યજ્ઞ યજમાવાશે. ત્યારબાદ યજ્ઞ પ્રારંભ થશે. બપોરે બ્રહ્મ ભોજન અને સાંજે ૪ કલાકે શ્રીહળ હોમવાનો કાર્યક્રમ રાખેલ છે. આ યજ્ઞ ચાલિસ્રી નિવાસ, પાણીની ટાંકી પાસે, મુ. કેરણા (કમી) ખાતે રાખવામાં આવેલ છે. આ યજ્ઞનું આયોજન શ્રી બ્રીમા દાદા પરિવાર અને નારણભાઈ ગુડાસમા દ્વારા કરવામાં આવેલ છે. તો સર્વ ભક્તજનોને દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવે છે.